વેધાકળાનિધિ-દ્વિતીયકળા.

તપ્તાસંવરણ નાટક.

લખનાર
કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણ.

મુંબઈ:
"ગુજરાતી" છાપાખાનું.
સંવત્ ૧૯૪૫. ઈ૦ સ. ૧૮૮૯.
કિંમત ૨ આના.

વિદ્યાંકળાનિધિ-દ્વિતીયકળા.

તપ્તાસંવરણ નાટક.

લખનાર

કવિ સવિતાનારાયણ ગણપતનારાયણ.

મુંબઈ:

"ગુજરાતી" છાપાખાનું.

૧૮૯૯

કિંમત બે આના.

તમાં સંવરણ નાટક.

સ્થાન-રંગભૂમિ.

બ્રાહ્મણ- દોહરો.

સહુ વિધિ સહુની કામના, પૂરણ કરે દયાળ;
જેમ સુદામા વિપ્રને, ક્ષણમાં કીધો ન્યાલ-૧.

[નટ ને સુત્રધાર આવે છે ને બ્રાહ્મણ જાય છે.]

સૂત્રધાર-(નટને) કહો આજ કયું નાટક કરિયે ?

નટ-આજ તો શ્રી નિવાસદાસકૃત તપ્તાસંવરણ નામનું નાટક દેખાડો અને નાટક કરવાથી શા શા લાભ થાય છે તે પણ કહો.

સૂત્રધાર-શું તમે નથી જાણતા-પ્રથમ મનરંજન કરવાનું એ એક ઉત્તમ સાધન છે. બીજું નાટકકાર વખતો વખત પોતાનાં રૂપ, વાણી અને સ્વભાવ બદલી શકે છે, તેથી કરીને રાજા લોકોને એનો અભ્યાસ કરવો અતિ આવશ્યક છે.

નટ-એ ઠીક; પણ હમણાં તો આ દેશમાં કોઈ ભલો માણસ નાટક કરે તો તેની લોકોમાં બહુ ચર્ચા થાય છે

સૂત્રધાર-હાલ તો ખરેખર એમજ છે. પણ પેહેલ એમ નો હોતું; કેમકે તેમ હોત તો કાલિદાસાદિ મહાકવિ નાટકો ન રચત અને નાટકની ઉત્તમ કાવ્યોમાં ગણના ન થાત-દેશાંતરમાં તો એનો હાલમાં પણ પ્રચાર ઘણો છે. પરમેશ્વર કરે ને અત્રેના લોકો પણ એના આનંદના ભોગી થાય.

નટ–ઠીક; ત્યારે હવે પ્રારંભ કરો, વિલંબ શાને, જોઈએ ?

અંક ૧ લો.

સ્થળ લતામંડપ.

[તમ્મા સખીઓ સમેત બેઠી છે.]

તમ્મા–સખી ! આજ મારાં રોમાંચ કેમ ઉભા થાય છે?

ચંદ્રકળા–રાજકુમારી ! એ આ ઋતુનો મહિમા છે.

ચંપા–જુઓ! વૃક્ષોને લપટાયલી લતાઓ કેવી શોભે છે?

છબિલી–બપૈયાનું પીયુ પીયુ તો જાણે મારા મનને હરણ કરે છે.

મોહની–ને આંબાની લીલી લીલી લતાપર કોયલ કેવી કલરવ કરે છે.

તમ્મા–(છબિલીને) સુંદરી પુષ્પ વીણીને હજી આવી નહિ. જા ફૂલ વીણી રહી હોય તો બોલાવી લાવ.

(છબિલી જાય છે)

તમ્મા–(ચંદ્રકળાને) થોડા દિવસ થયા કોણ જાણે શું થયું છે ? જો,

દોહરો.

ગઇ ચપળતા ચરણની, ખેલ ઉપર નવ ભાવ;
કોણ હરે નિત મુજ કહો. એનો ભેદ બતાવ–૨.

ચંદ્રકળા–પ્યારી સંદેહ ન કર; તારી કટિ, છાતીએ, ચંચળતા નેત્રોએ અને રમત તરુણાઇએ ચોરી લીધી છે.

(છબિલી આવે છે.)

છબિલી–(તમ્માને) સુંદરી અમણાં આવે છે.

તમ્મા–તું ગઈ ત્યારે શું કરતી હતી ?

છબિલી–શું કહું ! ! એક હાથમાં ફૂલછાબ અને બીજો હાથ છાતીપર ધરી એક વૃક્ષને આધારે ચિત્રપૂતલીની

પેઠે ઉભી હતી. દેહની શુદ્ધિ નહિ ને અલકલટ વિખરાયલી એવી એકી નજરે ટકટક જોઇ રહેલી હતી.

[એટલામાં સુંદરી આવે છે.]

તપ્તા–(સુંદરીને) આજ શી વીતી તે કહે.

સુંદરી–બીજુ તો કાંઇ નહીં, પણ ફૂલ વીણતી વખત એક કાંટો તો લાગ્યો હતો.

ચંદ્રકળા–(હસીને સુંદરીને) મેં એક ઉડતી સરખી વાત સાંભળી હતી કે અહીં એક એવો રાજકુમાર આવ્યો છે કે જેનાં દર્શનથી પથ્થરનું કલેજું હોય તો તે મીણ થઈ જાય. તારા અંતઃકરણમાં એના વિરહના કાંટાએ તો પ્રવેશ નથી કર્યો ?

સુંદરી–(હસીને) તું તો પોતાનાજ સરખોજ સ્વભાવ સહુનો જાણે છે.

(રસીલી આવે છે.)

રસીલી–ચાલો; રાણીજી બોલાવે છે.

તપ્તા–શું કામ છે?

રસીલી–કાલ તીજ પણ છે તો આજ મેંદી ચોપડાવશો કે નહીં?

તપ્તા–ઠીક ચાલો.

[તપ્તા સખીઓ સમેત જાય છે અને સંવરણ આવે છે.]

સંવરણ–આહા ! આ કેવું મનોહર સ્થલ છે ! તે લોકને ધન્ય છે કે જેઓ આ સ્થલમાં વસે છે ! (થોભીને) આજ મારી જમણી આંખ કેમ ફરકે છે !! (અગાડી નજર કરી) અરે !! આ નિર્જન વનમાં મનુષ્યનાં ચરણચિન્હ ક્યાંથી !!! (વિચાર કરી) એ ચિન્હ ઘણાં નાનાં અને પાછલથી ઊંડાં પડેલાં છે, તેથી એ પુરુષનાં તો નથી. આહા ! એમાં ઉર્ધ્વાદિક શુભ રેખાઓનાં ચિન્હ કેવાં મનોહર માલમ પડે છે !! જાણે તે ભાગ્ય-

શાલીનું ભાગ્યપણું પ્રગટ કરે છે. વળી એ ચિન્હોમાં જેમ પુષ્પની પાછળ સુગંધ રહી જાય છે તેમ તે પદ્મિનીનાં ચરણોની અરુણુતા અદ્યાપિ પર્યંત ઝળકે છે. નિશ્ચય તે કોઇ દેવકન્યા હશે. અહીં રાત્રીવિકાસી ફૂલ પણ ખીલી રહ્યાં છે તેથી ખાત્રી થાય છે કે તે સુંદરીના મુખચંદ્રની પ્રભા અમણાંજ એના ઉપર પડી છે. (અહીં તહીં ફરતાં ફરતાં) આ પર્વત કયો ? શું મેરૂ છે ? (વિચાર કરીને) નહીં એ તો કોઈના તેજથી પ્રકાશિત છે.

[તપ્તા સખીઓ સમેત આવે છે.]

સંવરણુ–(સ્વગત) આ સૂર્ય અમણાં ઉદય પામ્યો છે. હું તો સમજ્યો હતો કે મધ્યાન્હ થઇ ગયા. (વિચાર કરીને) પણ નહીં, એ તો જેનાં તેજથી આ સ્થાન પ્રકાશિત થઇ રહ્યું છે તે સુંદરીજ છે. એ પદ્મિની સર્વાંગ સુંદરી છે. મારા જાણવામાં એના જેવી શોભાયમાન બીજી કોઇ ત્રણ ભુવનમાં પણ નહિ હશે. હું પણ મોટો ભાગ્યશાલી જે એનાં દર્શનથી મારાં નેત્ર સફળ થયાં ! હવે વૃક્ષને ઓથે બેશી એનાં ચરિત્ર જોવાં ઉચિત છે.

[વૃક્ષને ઓથે બેસી જાય છે. તપ્તા હીંડોળે ડોળે છે.]

ચંદ્રકળા–(તપ્તાનો હાથ જોઇને) વાહવા! શી મેંદી શોભી રહી છે, જે પોતાની શોભાથી ઇંદ્રવધૂને પણ લજાવે છે.

સુંદરી–અલી જો તો ખરી. ચંપાના રંગપર પંચરંગી લેહેરો એવી ખુલી છે કે જાણે શોભાના સમુદ્રમાં લેહેરો ઉઠી રહિ હોય. હાય ! આ જોબનનો બહાર જોવાવાળો હમણાં કોઇ નથી.

સંવરણુ–(સ્વગત) આ મુગ્ધાનાં મંદ હાસ્યમાં કેવી અલૌકિક શોભા જણાય છે ?

ચંદ્રકળા–સુંદરી, તારો કંટક હજી નિકળ્યો કે નહિ ?

સુંદરી–નહિ, ઊલટો ખટકે છે.

સંવરણ–(સ્વગત) આહા! એના ઝુલવામાં તો ઘણો આનંદ રહેલો છે. શી કુમારીની કટિની ચલક, હીંચોળાની મચક, ચુડલાનો ખળકાર અને કંકણનો ઝનકાર એ સર્વે મારા મનને હરણ કરી લે છે.

મોહની–(તપ્તાને) બસ, હવે હીંચી ચુકી. અહિં આવ. એવું ન થાય કે કંઇ કમરમાં ચસક આવી જાય.

[તપ્તા હીંચકાપરથી ઊતરે છે.]

તપ્તા–અલી, જુઓ તો ખરી! આ હરણનાં બચ્ચાં કેવાં કલોલ કરે છે? કદી આમતેમ ફાળ ભરે છે, કદી ઘાસ ચરેછે ને હમણાં પાણી પીવાને ડોક નીચી કરી છે. કોઇ પ્રકારે એને પકડવાં જોઈએ.

[તપ્તા સખીઓ સમેત જાય છે અને આગળ સંવરણને જોઇ ખંચાય છે.]

છબિલી–(હોઠપર આંગલી ધરી) આ કોણ છે? હાય! ઘણી શરમની વાત છે. એણે હમારી સઘલી વાતો સાંભળી હશે.

મોહની–હા, બેન, લાજ તો મોટી છે; પણ એવો સુંદર રાજકુમાર પણ ભાગ્યબળથી દેખવામાં આવ્યો છે.

ચંદ્રકળા–સખી, એની શોભા તો આખા જગતમાં વ્યાપી રહી છે.

સુંદરી–(તપ્તાને) મારાપર આમ ઝઝુમી શું પડે છે? એવો ઉમંગ હોય તો આગળ વધી ગયાં.

તપ્તા–મને શાનો ઉમંગ જે. આઘી ઉભી રહે, હવા કેમ રોકે છે?

સુંદરી–કાં, તમને પણ હવા લાગી ગઇ કે શું?

[તપ્તા ચકિત થઇ રાજાભણી જોઇ બંદી સમારે છે.
રાજા હસીને જમણે હાથે પાઘડી માથાપર ગોઠવે છે.]

તપ્તા–સખી, આજ કોણ જાણે મારાં કેવાં પુણ્યનો ઉદય થયો છે જો–

સુંદરી–જે આ મોહની રૂપનાં દર્શન કીધાં.

ચંદ્રકળા–(તપ્તાનો હાથ ઝાલી) ચાલો હવે કાલ પાછાં આવશું.

તપ્તા–શું ! હવે ચાલું? ઠીક ચાલો.

[તપ્તા સખીઓ સમેત જાયછે.]

સંવરણ–અરે ! મન, હવે કાં વિકળ થાય છે! પ્રિયા આવી ત્યારે તો તેં બોલવા પણ ન દીધો. હવે એક એક પળ વરસ વરસ જેવડી વીતે છે. કાલસુધી કળ કેમ પડશે ?

[નેપથ્યમાં જાય છે. પડદો પડે છે.]

અંક ૨ જો.

સ્થળ–લતામંડપ.

[સંવરણ આવે છે.]

સંવરણ–ઓ પ્રાણપ્યારી ! હજી સુધી ન આવી. હાય ! હવે હું શું કરૂં ! અરે ! પ્રાણપ્રિયાના રૂપરસથી આ નેત્રોની તૃષા મટાડું તે ઘડી કયારે આવશે ? હવે તો ક્ષણમાત્રનો વિયોગ પણ અસહ્ય થઇ પડયો છે. પ્રિયા આવે એટલામાં પુષ્પોનો હાર બનાવી લઉં કે પ્યારીના અંગ પર્યંત મારા હાથનો પરંપરા સંબંધ તો થઇ જાય.

[વૃક્ષને આથે બેહો માળા ગુંથવા માંડેછે.
તપ્તા સખીઓ સમેત આવે છે.]

તપ્તા–આવો, દડીડાવ ખેલીએ એટલામાં (અટકી પડી.)

સુંદરી–એટલામાં ચંદ્રમાનાં દર્શન થઈ જાય.

તપ્તા–(આળસ મોડી) સખી, અમણાં ચંદ્રમાંની શી શોભા છે?

સંવરણ–(સ્વગત) એ વાતોથી એ પદ્મિનીનાં મનમાં કંઇ લેહ લાગી હોય એમ જણાય છે.

સુંદરી–રાજકુમારી, જો પેલો કોણ આવ્યો ?

તપ્તા–(ચારે તરફ જોઇને) ચલ, જુઠી.

સુંદરી–(તાલી વજાડી) એ એજ.

તપ્તા–(વાત ઊડાવી) સખી, હું તો કાલે હરિણનાં બચ્ચાંની પાછળ જઈ બહુ પસ્તાઇ.

સુંદરી–એ વાત કંઈ નવી નથી. પેહેલાં રામચંદ્રે પણ હરિણની પછવાડે જઇ વિરહવેદના સહન કરી છે.

તપ્તા–(મોહનીને) જાની, દડી લઇ આવની.

[મોહની જાય છે ને દડી લઇને આવે છે.)

સંવરણ–(પાસે જઇને) અમને પણ દડી આપો.

તપ્તા–(ધીમેથી) આ સમય તો ખાસો છે, પણ બોલવાનો ઉમળકો ક્યાંથી આવે ?

ચંદ્રકળા–(સાંભળીને) એમાં વળી ઉમળકાનું શું કામ છે ? આવ્યાનો આદર સહુ કરતા આવ્યા છે. હવે તો સુવર્ણ ને સુગંધ આવી મળી. ચમકે છે શું કરવા ? તમારા બન્નેનાં મળવાથી બ્રહ્માનું કલંક મટી જશે.

તપ્તા–(લજવાઇને, સંવરણને) મહારાજ, તમારૂં કલ્યાણ થાઓ.

સંવરણ–પ્રિયા, મારાં, કલ્યાણમાં હવે શો સંશય છે? એક ખંજન કમલસ્થ જોવાથી અમિત લાભ થાય છે, તો મેં તો એક કમળપર બે ખંજન નિહાળ્યાં. હવે મારૂં કલ્યાણ થવામાં શો સંશય છે?

તપ્તા–(ચંદ્રકળાને ધીરેથી) સખી, એ તો મોટા ચતુર છે. (સંવરણને) મહારાજ, મારૂં મોટું ભાગ્ય કે આપનાં દર્શન થયાં. તમારા પધારવાથી દીપક વડે જેમ સદન પ્રકાશિત થાય તેવી શોભા અહીં થઇ રહી છે.

સંવરણ–પ્રિયા, જેમ પૂર્ણ ચંદ્રમાને જોઇને સમુદ્રને આનંદ થાય છે, તેમ તમારાં મુખારવિંદને જોઈ મારૂં મન હર્ષિત થાય છે. મેં મારૂં મન તમારી મુખદેખણામણીપર ઓવારી નાખ્યું છે. હવે ઉચિત જાણો તે કરો.

તપ્તા–મહારાજ, હું પણ મારા મનસુમનની માળા આપનાં ગળામાં નાખી ચુકી છું.

ચંદ્રકળા–(હસીને બેઉની ભણી જોઇને)

પ્રીત પરસ્પર કીજિયે, જ્યમ નિશશશિનું હેત;
ચંદ્રવિના નિશશ્યામ છે, નિશવણ હિમકર શ્વેત–૩

તપ્તા–(ચંદ્રકળાને) અલી ગાંડી છે કે શું! કંઇ ભ્રમરને એક કમળથીજ સંતોષ થાય છે? એનો જીવ કોણ જાણે ક્યાંએ ભટકતો હશે.

અમ જેવાં એને બહુ, એ સમ એમને એક;
કમળોને રવિ એક છે, રવિને કમળ અનેક.

સંવરણ–વાહવા! એમજ કહેશો કે.

તપ્તા–નહિ તો આ પુષ્પમાળ કોનેમાટે બનાવી છે?

સંવરણ–તમારે વાસ્તે.

તપ્તા–મારે માટે બનાવી છે તો મને આપી દો.

સંવરણ–લેઇને શું કરશો? દૂરથીજ એની શોભા જુઓ.

તપ્તા–આપવી હોય તો આપી દો. વૃથા મજાક શું કરો છો?

સંવરણ–વાહવા! એટલી નાનકડીશી વાત પર રીસાયાં, તો માળા પણ તમારી ને હું પણ તમારો.

તપ્તા–મહારાજ, એટલી બધી ચતુરાઇ ક્યાં શીખ્યા?

સંવરણ–સંગતનો પ્રભાવ. (અટકીને) મારૂં મન જેમ જળવિના માછલી તલપે છે, તેમ આ સમયે વ્યાકુળ થયું છે. જોઇએ ચકોરને ક્યારે અમૃત પ્રાપ્ત થાય છે?

તપ્તા—ધીરજ ધરો. ઋતવણુ ફૂલ નથી થતાં. કોઇ ગમે એટલો ક્ષુધાતુર હોય પણ બે હાથે નથી ખાતો. (લજવાઇને નીચું જોય છે.)

ચંદ્રકળા—(હાથથી ડોક ઊંચી કરી) મનમાં ભાવે ને માથું હલાવે. આજ તીજ છે પછી એથી સારો તે બીજો કયો સમય આવશે?

તપ્તા—ચલ, ચુપ રહે. વાતો કેવી કરે છે!

ચંદ્રકળા—હવે શાની ચુપ રહું જે. મેંદી સમારતી વેળા કંચુકીનાં બંધ તુટી ગયા અને શરીરને રોમાંચ થયો, ત્યારે હું તે કંઇ વેગળી હતી કે શું? શી વાતો કરે છે! પ્રીતિ ને સુગંધ તે કાંઇ છુપાવ્યાં છુપે?

તપ્તા—તું સમય નથી સમજતી. ઘણી મજાક તે કંઇ સારૂં કે? જો મજાકમાં ને મજાકમાં મહારાજ રિસાઇ ગયા. હવે એને મનાવ તો ખરી.

ચંદ્રકળા—મારે મનાવવાની એવડી શી પડી છે? તું કહે તો તારી તરફથી કહિ દઊં?

તપ્તા—(સંવરણને) મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો.

સંવરણ—એક રીતે.

તપ્તા—કેવી રીતે?

સંવરણ—મારૂં મન મને પાછું આપો.

તપ્તા—એ તો અદલાનો બદલો.

સંવરણ—(હસીને) પ્રિયા, તમારા ઉદ્યાનમાં આમ્ર ફૂલ સુંદર છે.

ચંદ્રકળા—તમે જાણ્યાં, કંઇ નજર કરી તો.

તપ્તા—નહિ નહિ એ માલ એમનોજ છે.

સંવરણ—(ચોટલા ભણી જોઇને) આ નાગનાં જોડાંને એવું કેમ માથે ચઢાવ્યું છે કે અમૃતનાં કલશપર લેહેકે છે?

ચંદ્રકળા–(હસીને) શું તમારા મનમાં એને પકડવાનું છે !

તપ્તા–(મંદ હસીને) હવે રહેવા દો.

(માલણ ફુલના ગજરા લાવે છે.)

તપ્તા–(સંવરણના ગળામાં ગજરા પેહેરાવીને) મહારાજ, ફૂલની જગાએ પાંખડી છે.

સંવરણ–એમ કામદેવનાં બાણોથી મારૂં હૃદય કાં ઘાયલ કરો છો ? (તપ્તાનાં ગળામાં પોતાની બનાવેલી માળા પેહેરાવીને) આ ફૂલોનું મોટું ભાગ્ય કે તમારા હૈયાનાં હાર થયાં.

સહુ સખી–(સાથે ગાય છે.)

પદ–રાગકાફી.

મનગમતું સુખ મળિયું, સજની મનગમતું સુખ મળિયું;
આશા ફળિત થઈ બહુ દિનની, ચિત ચિંતા દુખ ટળિયૂં–સજની–૧
મદન રતિસી જોડ નિરખતાં, સુકૃત સરવે ફળિયૂં–સજની–૨
ધન્ય માસ દિન ધન્ય આજનો, ધન્ય મુહૂર્ત આ ઢળિયૂં–સજની–૩
ધન્ય અમે વાંછિત સહુ પામ્યાં, ભાગ્ય અમારૂં ભળિયૂં–સજની–૪
બલીહારી ભારી બ્રહ્માની, એ નિશ્ચય કરિ કળિયૂં–સજની–૫

(અચાનક ગૌતમ ઋષી આવે છે.)

ગૌતમ–(સ્વગત) હું ગંગાસ્નાન કરવા જાઉં છું. ગંગાનો મહિમા કેવો છે કેઃ–

શ્લોક.

यदंभः स्नातानां नरपतिवराणांतनुगतं
महत्वं संप्राप्तं पयसि मिलितं चंदनमपि।
स्ववृक्षेष्वाशंकामयतिच शिवाभूषणाविष्णी
भुजंगान् साश्रीमत्पदजनितगंगाविजयते ॥

(આગળ જોઈને પ્રકાશી) આ અહીં રાજા સંવરણ બેઠો છે. જુઓ એ કેવો મદોન્મત્ત થઈ ગયો છે ? ઋષી-

એનો આદરસત્કાર પણ નથી કરતો. એના કુળમાં આજપર્યંત એવો કોઇ નથી થયો; એ કારણમાટે હું એને બ્રાહ્મણોનો પ્રતાપ દેખાડવાને શાપ દઉં છું કે જેના ધ્યાનમાં એ પોતાનાં તનમનની શુદ્ધિ વિસરી ગયો છે, તે એને ઓળખશે નહીં.

. સંવરણ–(દંડવત્ કરીને) મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો, હું બ્રાહ્મણોના પ્રતાપને સારી રીતે જાણું છું. વળી મારી અંતરદશા પણ તમારાથી ગુપ્ત નથી. મેં જાણી જોઇને એ અપચાર કર્યો નથી. અજ્ઞાન પુત્રના અપરાધને માતપિતા ગણતાં નથી. આપ ન્યાયના મુખ્ય આચાર્ય છો તેથી હું પણ પોતાના વિષયમાં આપની પાસે ન્યાયની કાંક્ષા કરૂં છું. હે ઋષીશ્વર! હે મહાત્મા! કૃપા કરો. મને નિરાધારને આપના વિના અન્ય કશો આધાર નથી. હે તપોધન! તમે એ અપરાધને બદલે પ્રાણત્યાગ કરવાને શાપ દેત તો હું મોટો ઉપકાર માનત; પરંતુ આ દુઃખ તો ક્ષણભર પણ મારાથી સહન કરી શકાય એવું નથી. હે દયાળ, દયા કરો. (ગદ્ગદ્ કંઠે પગે પડે છે.)

ગૌતમ–(પ્રસન્ન થઇ) હે રાજન્, મારૂં વચન કોઇ પણ પ્રકારે ફરનાર નથી; પરંતુ તારી દીનતા જોઇ મારૂં મન દ્રવીભૂત થયું તેથી એ વર આપું છું કે તારી પ્રિયા તારા શરીરને સ્પર્શ કરશે તેજ વખત મારો શાપ મટી જશે અને પરમેશ્વરની કૃપાથી તારી સઘળી મનકામના સિદ્ધ થશે.

[ગૌતમ એક ગમથી અને સંવરણ બીજી ગમથી જાય છે.]

અંક ૩ જો.

સ્થળ–વિહારસ્થાન.

[તપતા સખીઓ સહિત પ્રવેશ કરે છે]

તપતા–સખી, આ તેજ વન છે. હાય! આજ કેટલા

દિવસ વીતી ગયા પણુ પ્રીતમે સૂધ ન લીધી. રાતના નિદ્રા પણુ નથી આવતી કે સ્વપ્નામાં આંખો ટાઢી કરૂં.

ચંદ્રકળા—રાજકુમારી, આમ વિરહના સાગરમાં શીદને ડુબે છે? હૈયાશોકમાં ને હૈયાશોકમાં તારી કાયા કરમાઇ ગઇ છે, હોઠ સુકા રહે છે અને આંખો આંસુથી ભરેલી રહે છે. કોઇ દેખશે તો શું કહેશે?

તસ્પા—(ઊર્ધ્વ શ્વાસ લઇને) એ તો હું પણુ સમજું છું, પણુ મન મારે વશ નથી. રાત્ર દિવસ તેનાજ ધ્યાનમાં મગ્ન રહે છે. (ડુસકાં ભરે છે)

ચંદ્રકળા—પેલો જુઓ, રાજા તમને યાદ કરે છે.

તસ્પા—ચલ, અમથી કાં મારા જીવને કલ્પાંત કરાવે છે.

સુંદરી—રાજકુમારી, આવો એક બે ચોપાટની બાજી ખેલીએં કે તમારા મનને ગોઠે.

તસ્પા—તમારી ખુશી, મંગાવો.

(તપ્તા સુંદરી સાથ ચોપટ ખેલે છે.)

ચંદ્રકળા—(સુંદરીને) જો એવો દાવ ખેલજે કે જુગ ન તૂટે. એકલી અબલાનો નીભાવ કઠિણુ છે.

(તપ્તાના હાથમાંથી પાસા ને આંખમાંથી આંસુ નિકળી પડયાં.)

ચંદ્રકળા—જુઓ રાજકુમારીએ કેવી ઝડી લગાવી છે?

સુંદરી—એમાં તો ઉલટું દુઃખ થયું. હવે શું કરે!

તસ્પા— (દોહરો.)

સમજાવ્યાં સમજે નહીં, પલક દિયે નવ ચેન;
નીર ભર્યા તરસ્યાં રહે, અધિક અપૂરવ નેણુ—૪

સખી, એ નેત્રાનોજ દોષ છે જે સહુથી પેહેલાં જઇ મળ્યાં. હવે પોતાનાં કરેલાં કૃત્યનું ફળ ભોગવે છે.

સુંદરી—રાજકુમારી, ગભરાવાથી શું થાય છે? ધીરજ ધરો.

તપ્તા— (દોહરો)

ધીરજ, તન, મન, જ્ઞાન, ગુણુ, સહુ ગયાં પ્રિયસંગ;
દૃષ્ટિ દામનીસી પડી, ભસ્મ કર્યું સહુ અંગ—૬

ચંદ્રકળા–કમળ ચંદ્રમાને પાલવે પડયું છે. જોઇએ હવે શું થાય છે?

તપ્તા– (દોહરો)

વિછડતાંજ વાલમ સકળ, ગયો ઉલટિ સંસાર;
હિમકર, ચંદન, ચંદ્રિકા, હવાં દેહ દહનાર—૭

સુંદરી–(દુપટ્ટાથી તપ્તાનાં આંસુ લુછીને) તમારૂં શરીરં એટલું દુબળું પડી ગયું છે કે હાથનાં કંકણ સરકી સરકી જમીનપર પડે છે; આમ કેમ પોતાના શરીર પાછળ વેરણ થઇ લાગાં છો?

તપ્તા–બસ, હવે ઉપદેશનો વખત નથી–હવે તો તમારાથી બને તો વિરહવ્યથા મટવાનો ઉપાય કરો.

ચંદ્રકળા–એ તો ઠીક, પણ ઉપાય તે શું કરિયે?

તપ્તા–હું એક પ્રીતિ પત્રિકા લખું છું તે પ્રીતમની પાસે પહોંચાડની.

સુંદરી–વાહવાહ! વિચાર તો ઠીક કીધો, પણ સ્વપ્ન અને મૃગજળના તરંગપર આશા બાંધવી એ ઠીક નહીં. વિચાર તો કરો. તેના મનમાં તમારાપર કંઇપણ પ્રીતિ હોય તો આમજ ચાલ્યો જાય?

તપ્તા–ચલ, એવી વાત ન કર. કંઇ એક હાથે તાળી વાજી છે? તેની પ્રીતિમાં તો સંદેહ સરખું છેજ નહીં; પણ કોણ જાણે શું એ ભેદ પડયો હશે! (મોહનીને) જા મારો સંદૂક લઇ આવ.

[મોહની જાય છે અને સંદૂક લઇને આવે છે.

ચંદ્રકળા–કેમ ત્યારે શો વિચાર કીધોચ?

તપ્તા–એ કે તે તો મારા અંતરમાં આવી વસ્યો છે. કાગળ કોણ વાંચશે?

સુંદરી–વારૂ પ્રતિબિંબ કોણ પકડી શકે છે?

તપ્તા— (સાખી મરાઠી-ચાલની)

કાગદ ભીંજે નયનજળે, કર, મસિ લેતા કંપાય;
વેરી વિરહ વસે ઘટ ભીતર, લખવા દે ન વ્યથાય—૮
પત્ર લખંતાં કંપે છે કર, નિરે ભરાયે નેણ!
કોરો કાગળ કરમાં રાખી, મુખથી કહેજો વેણ—૯

ચંદ્રકળા—તમારાથી શું લખાવાતું છે? લો તમે બોલતાં જાઓ ને હું લખતી જાઉં.

તપ્તા— (દોહરો)

ચતુર શિરોમણિ પ્રેમનિધિ, મુજ ચકોરના ચંદ;
કયારે દેશો નયનને, દર્શન થકિ આનંદ—૧૦
મળવા તલપે મન અધિક, વદન નિરખવા નેણ!
સુણવા આતુર શ્રવણ છે, વાલમ તારાં વેણ—૧૧
તમવણ એકલિ કો કરે? દયા દયાળુ નાથ!
જાણિ એકલી મુજને. ગયા રાખિ દુખ સાથ—૧૨
કહેવી, સુણવી છે નહીં, વાંચી, લખી જાય!
નિજ મનપરથી પરખજો, મુજ મનતણી વ્યથાય—૧૩

ચંદ્રકળા—હવે આ પત્રિકા કોની સાથે મોકલશો?

તપ્તા—કોને બતાવું? એમ તો જેને કહું તે લઇ જાય. પણ વાટ કેનાથી જોવાય એમ છે? અહીં તો વિરહથી એક એક ક્ષણ કલ્પ કલ્પ જેવડી વીતે છે. મારો વિચાર છે કે હું પોતે જોગણ બની પ્રીતમને ખોળવા જાઉં.

સુંદરી—જગદીશનું ભજન કરો, એવી વાત તે કંઇ થાય? જો એમ કરશો તો અમે સઘળાંઓ એ ભેખપર અમારા પ્રાણ ઓવારી નાંખીશું.

તપ્તા—

સજની મન તો એક છે, એ ન હવાં દશ વીશ!
તે વાલમમાં જઈ વસ્યું, કોણ ભજે જગદીશ—૧૪

જે ભાગ્યમાં લખાયું તે સહુને ભોગવવુંજ પડે છે. તમે મારી પ્રસન્નતામાં પ્રસન્ન હો તો મારી વાત તોડો ન પાડો.

ચંદ્રકળા—એનેજ રાજી રાખો—હું એમની સાથ જઇશ.

[તપ્તા સખીઓ સમેત નેપથ્યમાં જાય છે. પછી તપ્તા વીણા લઇને અને ચંદ્રકળા કરતાલ લઇને જોગણને વેશે આવે છે.

તપ્તા—(વીણા વજાડીને રાગ બેહાગ ગાય છે અને ચંદ્રકળા કરતાલ બજાવે છે)

રાગ—કાફી.

જગાવે મુજ મનમાંહી અનંગ—ધ્રુપદ.

જાણી એકલી મુજને ડરાવે, અવનવા એના ઢંગ-જગાવે-૧
ચપળા કેરી ચમક નિરખતાં,ઉપજે ઉરમાં ઉમંગ-જગાવે-૨
દરશન આવે સમે જે પામું, જન્મ ન છાંડું સંગ-જગાવે-૩

ચંદ્રકળા—પેલો જુઓ કાગ બોલ્યો. રાજા આવતા હશે.

તપ્તા—(કાન દઈ)સખી, કોઇનાં પગલાં તો વાજે છે ખરાં.

ચંદ્રકળા—પરમેશ્વર કરે ને કંઇ તમારો ચિત્તચોર આવી જાય.

(સંવરણ આવે છે.)

સંવરણ—આહા! આજ તો મારી પ્રીતિએ પ્રિયાનાં મનમાં પ્રવેશ કર્યો જણાય છે.

તપ્તા—(સખીને) અલી? એ કોણ છે? હું તો એને ઓળખતી નથી.

સંવરણ—ઠીક; જો હું પણ જોગી બનીને આવ્યો હોત તો તમે ઓળખત.

તપ્તા—તમે કયાંનું ઓળખાણ કાઢો છો?

સંવરણ—અહીંનું જ. બેદહાડાપરની વાત છે. તમે મારા હૃદયની પ્રીતિરૂપ લતિકાને વાણીરૂપી રસનું સિંચન કરી કરીને વધારી-હવે શું એને સુકાવવા ચાહો છો? નહિ, એ મજાકની વાત જવા દો.

તપ્તા—મજાક કેવી? એમ જુઠું આળ ચઢાવવામાં શું કાંઇ તમારા હાથમાં આવે છે?

સંવરણ—જુઓ તમે પોતાને હાથે આ પુષ્પમાળા મારા ગળામાં પેહેરાવી છે.

તપ્તા—શું એપર મારૂં નામ લખેલું છે?

સંવરણ—તમે સખીઓ સંગાથે મૃગ પકડવા ગયાં-તાં ત્યારે પાછાં ફરતાં તમારૂં વસ્ત્ર ગુલાબની ડાળીમાં ભરાયું તે તમને યાદ છે કે નહીં?

તપ્તા—એ તે શી નવી વાત છે જે યાદ હોય?

સંવરણ—ઓહો! ગૌતમ ઋષીના શાપથી તમે મા-રી સૂધ વિસારી. પરંતુ એ શાપની હદ અંગ સ્પર્શ પર્યંત છે, તેથી શીઘ્રે તમારૂં કરકમળ મારા વક્ષસ્થળપર ધારણ કરો કે તેથી મને ધીરજ આવે અને તમારો સંદેહ નિવારણ થાય.

તપ્તા—એ તો બધી બનાવટ. એવી વાતોથી શું થાય છે? અહીં તમારૂં પાખંડ કદી નહીં ચાલે.

સંવરણ—(ક્રોધ કરીને) પાખંડ કોનું? પેહેલાં તો હાવભાવ કરીને મારા મનને લોભવી લીધું ને હવે એને અધવચ ડુબાવવું તમને ઉચિત નથી.

તપ્તા—પાછી એની એ વાત કરીને વૃથા હઠ પ-કડવામાં તમને શો લાભ છે? હું એ વિષયમાં કોઇ પણ પ્રકારે તમારા વચનનો વિશ્વાસ કરી શકતી નથી.

સંવરણ—એકવાર આપનું કરકમળ માંરા શરીરને અરાડો એટલે તમારો સઘળો ભરમ ખુલી જશે.

તપ્તા—હું પતિવ્રતા છું, પરની ભણી દૃષ્ટિ પણ નથી કરતી તો અંગસ્પર્શ તો કયાંથીજ!

સંવરણ—આશ્ચર્યમ્! આશ્ચર્યમ્! અરે દૈવ! સંસા-રમાં આજ એક પતિવ્રતા છે બાકી સર્વે મિથ્યાવાદી અને દુરાચારી છે. બલીહારી છે એની બુદ્ધિની કે સાચ જુઠનો નિર્ણય કરી શકતી નથી.

તપ્તા—(ભ્રૂકુટી ચઢાવી) બસ, મેં તમારાં ઘણાં કઠોર વચન સહન કીધાં, હવે ચુપ રહો.

સંવરણ—અરે ધિઃકાર! અરે ધિઃકાર! મેં મણીની ભ્રાંતિયે અંગારો ઉઠાવી લીધો. હું તો કોમળ શરીર જોઇ મોહિત થઇ ગયો, પણ એનું મન તો વજ્રથી પણ કઠોર નીકળ્યું. પણ બસ, એમાંથી કોઇનું મન પાપી તેથી હજી પણ માનતું નથી.

તપ્તા—તમારી સાથે ફોકટ માથાફોડ કોણ કરે?

સંવરણ—એ તો હઠ છોડતી નથી. રાજ હઠ, બાળ હઠ, અને સ્ત્રી હઠ એ પ્રસિદ્ધ છે. પરંતુ કોઇ પણ રીતે એ એકવાર અંગસ્પર્શ કરી લે તો સઘળો સંશય મટી જાય. (ધીરે ધીરે તપ્તાની ભણી જાય છે)

તપ્તા—(ગભરાઇને) આ ક્યાંની બલા આવી?

(ઉઠીને જાય છે ને સંવરણ પાછળ જાય છે. તપ્તા તીરછી ચિતવણીઓ પાછલ જોતી, ભ્રૂકુટી ચઢાવતી અને લજવાતી ચાલી જાય છે. સંવરણ પાસે આવી જાયછે એટલે અંગ સંકોડી આગળ નિકળી જાય છે અને નેપથ્યની પાસે જઇ ચપલતાથી નેપથ્યમાં ચાલી જાયછે, ચંદ્રકળા પણ તેની પાછળ ચાલી જાય છે અને સંવરણ બીજી ગમથી જાય છે. પડદો પડે છે.)

અંક ૪ થો.

સ્થળ કુંજ.

(સંવરણ પોતાના મિત્ર કમળાકર સાથે આવે છે.)

સંવરણ—હે મિત્ર! એણે મારો વિશ્વાસ ન કીધો તથાપિ મારૂં મન તો એનામાંજ લાગી રહ્યું છે. આહા! પવનના ફુંકવાથી તેની કટિ લચકે છે, પાનની પીક તેના કંઠમાં ઝળકે છે. જ્યારે તેના હોઠની અરુણતાથી મને મોતીમાં વિદ્રુમનો સંદેહ પડી ગયો ત્યારે તેણીએ મંદ હાસ્ય કરી મારો સંદેહ નિવારણ કર્યો. હવે તેજ મંદ હાસ્ય મારૂં મન હરણ કરે છે.

કમળાકર—તમે શી સ્વપ્નાવસ્થાની વાતો કરો છો?

સંવરણ—અરે મિત્ર! હવે તો તે સુખ નિશ્ચે સ્વપ્ન

થઇ ગયું. હાય! હવે હું કયાં ને પ્રિયા કયાં? પ્રિયાની તે છબિ મારા નેત્રમાં વસી રહી છે, પણ દેખાતી નથી.

કમળાકર–જુઓ એમ વ્યાકુલ ન થાઓ. તમે તો પોતે જ્ઞાનવાન્ છો.

સંવરણ–અરે! હવે હું શું કરૂં?! જ્યારે હું આ સ્થળ જોઉં છું ત્યારે પ્રિયાની મનોહર મૂર્તિ મારી આગળ આવીને ઉભી રહે છે. અરે પ્રિયા! તારા વિરહથી ક્ષણમાત્રમાં આ શરીરનો ત્યાગ કરી દઉં પણ માત્ર મિલાપની આશાએ હજી સુધી જીવું છું.

કમળાકર–મિત્ર! ધીરજ ધરો.

સંવરણ–મારા રોમ રોમમાં વિરહ વ્યાપી રહ્યો છે તેથી ધીરજને રહેવાનું ઠેકાણું નથી. હે મિત્ર! આ સમયે મણિ વિહીન ફણીધરના જેવી મારી દશા થઇ રહી છે.

કમળાકર–મિત્ર! એ કયાંની વાત લઇ બેઠા છો! ઉઠો, મનમાં મગ્ન રહો, તમે હશો તો હજાર સુંદરીઓ મળી આવશે.

સંવરણ–ભાઇ, મન તો મારે વશ નથી. હું શું કરૂં? હવે તો એજ સુંદરી મળે તો પ્રાણ બચે. હે પ્રિયા! તારી કઠોરતાપર મારા આ પ્રાણ ઓવારી નાંખતાં પણ વિલંબ ન કરત; પણ મારા અંતઃકરણમાં એટલોજ શોચ થાય છે કે મારે લીધે રખેને કંઇ તને દુઃખ થતું. (મૂર્છા ખાઇ પડે છે.)

કમળાકર–મિત્ર! સાવધ થાઓ! સાવધ થાઓ આ મહા દુઃખ છે!!

સંવરણ–અરે મિત્ર! તમે મારે કારણે એટલા દુઃખી ન થાઓ. તમારા દુઃખથી મારા મનને બમણું દુઃખ થાય છે. અરે! આ પ્રાણ મહા પાપી છે કે હજી પણ પ્રયાણ

નથી કરતા. પ્રિયાના વિરહનું દુઃખ તો સહન કરી લીધું. હવે તે કયા દુઃખથી શરીર છોડશે ! (વિલાપ કરે છે.)

કમળાકર--(આંસુ લૂછીને) મિત્ર ! ચિરાયુ હો ! તમારા વડે ઘણાક જીવોનું પાલન થાય છે.

સંવરણ--(કમળાકરની વાત ન સાંભળી હોય તેમ) અરે ! હવે હું શું કરૂં ! ! હે સુમધ્યમે ! તારા વિરહના અગ્નિમાં શ્વાસ સમીરની સહાયતાથી આ શુષ્ક શરીરને હું પણ બાળી મૂકું પણ દરશનનાં લાલચુ એવાં આ નેત્ર જળ વરસાવે છે તો તું એમને નિરાશ ન કર. હે પ્રિયા ! તારા વિરહથી કયારનીએ આ છાતી ફાટી ગઇ હોત, પણ તારી પહેરાવેલી માળાએ ધીરજ આપી રાખ્યો. તે પણ હવે વિરહે કરમાવી નાંખી. એ કારણું માટે શીઘ્ર આવી મારી છાતીએ હાથ દે (કંઠ અટકયો ને આંસુ ટપકવા માંડયાં.)

કમળાકર-(ગભરાઇને સ્વગત) અરે ! હવે કેમ થશે ! સંવરણનું મુખ તો વિરહના તાપથી પ્રભાતના ચંદ્રમા જેવું થઇ ગયું. હવે હું શું કરૂં ! ! એ પ્રીતિ મહા દુઃખ-દાઇ છે. (વસ્ત્રથી વા નાખે છે.)

સંવરણ-હે પ્રિયા ! મને એકલો જોઇ વનનાં પશુ, પક્ષી મારી હાંસી કરે છે. હે કોકિલાસ્વરી ! મૃગનાં નેત્ર· ગજની ચાલ, કુંદની કળી, અનારના દાણા અને કમળનો વિકાસ જોઇ મારા અંતઃકરણને મહા વ્યથા થાય છે. તું જલદી આવી એનો અહંકાર હરણ કર. હે મેઘા તમે સંસારનો તાપ મટાડવાવાળા છો તો મારી પ્રિયાને મારો સંદેશો પહોંચાડી મારા વિરહનો તાપ પણ મટાડો. અરે ! એણે પણ મારી વાત ન સાંભળી ? હવે હું કયાં જાઉં ? અરે ! આકાશમાંથી વીજળી પણ નથી તૂટી પડતી કે આ દુઃખથી

જલદી છુટકો થઇ જાય. હે પદ્મિની, તારા વગર મારૂં દુઃખ સાંભળવાવાળું પણ કોઇ નથી. (વિલાપ કરે છે.)

કમળાકર–(સજલ નેત્રે) હે મિત્ર ! જન્મથી આજ પર્યંત તમે મારી કોઇ પણ વાતનો અનાદર નથી કર્યો તો આ વિષયમાં મારી વાત કેમ નથી સાંભળતા ?

સંવરણ–(પોતાના ધ્યાનમાં મગ્ન થઇ) હે પ્રાણવલ્લભા ! શું તમે માત્ર દુઃખ દેવાને માટેજ દર્શન આપ્યું હતું ? તમારો સ્વભાવ તો એવો કઠોર નથી. નિશ્ચય તમે મજાક કરી હશે ! ! શું તમને મારી દીનતાપર દયા નથી આવતી ! જુઓ ! એમ ન કરો; હવે તે પપૈયાના પ્રાણ કંઠે આવીને અટકયા છે. અરે ! તમે મહા નિર્દય છો. જુઓ ! આ સમય ફરી હાથ નહીં આવે. (કમળાકરને) આવો મિત્ર, એકવાર છાતીશું છાતી મેળાવીને ભેટી લઇયે. પછી તમે કયાં ને અમે કયાં ? હવે હું પરમેશ્વર પાસે એજ માગું છું કે જન્મોજન્મ પ્રિયાનો સમાગમ બન્યો રહે. (કંઠ અટકે છે, આંસુ પડે છે અને મૂર્છા આવી જાય છે.)

કમળાકર–(રોઇને) અરે ! આ શું થયું ? હે પ્રાણવલ્લભ ! હે નૃપોત્તમ ! બોલો ! બોલો ! જલદી બોલો ! જુઓ જન્મથી હું તમારી સાથે રહ્યો, સાથે દુગ્ધપાન કર્યું, સાથે ભોજન કર્યું, હવે શા સારૂ સાથ છોડો છો ? હે પ્રીતમ ! મારા વિના તમને ત્યાં કેમ ગોઠશે ? મારો પ્રાણ તમારીપર કુરબાન છે. (સ્વગત) અરે ! મહા ખેદની વાત છે ! જુઓ એનું મુખ અસ્ત પામતી વખતના સૂર્ય જેવું પીળું થઇ ગયું છે. મહા અનર્થની વાત છે. મારી છાતી વજ્રની થઇ છે. હવે હું શું કરૂં ? અહીં ઔષધ મળી આવવું દુર્લભ છે, પણ જઇને કાંઇ ઉપાય તો કરૂં. (અંગવસ્ત્રથી સંવરણનું મુખ લૂછી નેપથ્યમાં જાય છે.)

(તપ્તા ચંદ્રકળા સમેત જોગણના ભેખમાં આવે છે.)

તપ્તા—સખી, એક આપત્તિથી તો છુટયાં. હવે જોઇએ શું થાય છે તે.

ચંદ્રકળા-મારા ધારવા પ્રમાણે તો હવે રાજાનો મેળાપ થઇ જશે.

તપ્તા—કેવી રીતે?

ચંદ્રકળા-દુઃખની પાછળ સુખ થાય છે.

તપ્તા-(વિરહમાં સંવરણનું ધ્યાન કરીને) હે મહાભાગ! તમારે કારણ જોગણ થઇ વન વન ભટકી તોપણ તમને દયા ન આવી. અરે! શું કરવા પોતાના અંગને ગુલ્મલતાઓમાં સંતાડો છો? શીઘ્ર આવી આપના ચંદ્રવદનથી મારા વિરહનો તાપ શમાવો.

સંવરણ-(તેજ મૂર્છાવસ્થામાં ગદગદ કંઠથી,) હે પદ્મિની! હવે આ પત્ર વૃક્ષથી ખરે છે. મને પોતાને મરવાનું લેશ માત્ર પણ ભય નથી. પરંતુ માત્ર એ વાત મારા અંતરમાં ખટકતી રહી જશે કે આ દશા થાય ને તમે અણજાણ રહો. આ સમયે તમારી મોહની મુરત દૃષ્ટિ ગોચર થઈ જાય તો હું કૃતકૃત્ય થાઉં, પણ એ વાત અસંભવિત છે. "દહન થાય વન મલય, મેઘ ક્યાં દયા કરેછે." હે મિત્ર! તમે સાક્ષી રહેજો. હું પ્રિયાના વિરહમાં દેહ છોડું છું.

તપ્તા—(કાન દઇ સખીને)જો આ કેવો વિરહમાં વ્યાકુલ છે. એના મુખથી શબ્દ ભાંગા તૂટા નીકળે છે અને એનાં વચન સાંભળી રોમાંચ ઉભાં થાય છે. પરમેશ્વર વિરહવ્યથા કોઇને ન દે! ચાલો, જોઇએ તો ખરાં એ કોણ છે તે. (ચંદ્રકળા સમેત સંવરણની પાસે જઇ વસ્ત્ર અસેડે છે, એટલામાં અંગસ્પર્શના કારણથી સંવરણને ઓળખીને) હાય! હાય! આ દુઃખનું કારણ તો હું પો-

તેજ છું. (સંવરણનું માથું ખોલામાં લઇ) હે પ્રીતમ! તમારી ઉપર હું આ મારા પ્રાણ ઓવારી નાંખું છું. હે સજ્જન! તમારી પ્રીતિમાં સંદેહ નથી. અરે! હું કેવી મંદ ભાગિની કે મારા ગળાના અલૌકિક હારને સર્પ જાણી ફેંકી દીધો? મારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ. એ મારા અંતરનો ઘા કેમ રૂઝાશે? (આંસુ પડયાં)

સંવરણ–(અશ્રુબિંદુ મુખપર પડવાથી નેત્ર ઉઘાડી) અરે! એ કોણ પરોપકારી છે કે જે આ સમયે આટલી દયા કરે છે? પરમેશ્વર એનું કલ્યાણ–(મૂર્છિત થઇ જાય છે.)

તપ્તા–(કરૂણાસંયુકત) હું તેજ કૃતઘ્ની છું કે જેના કારણ આપસરખા સજ્જનને આટલું સહન કરવું પડયું. જો હું સંસારમાં જન્મીજ ન હોત તો સારૂં થાત. હાય! હાય! આંસુઓથીં ભીજાઈ ભીજાઇને તમારી પોંચીના નગીના ઝાંખા પડી ગયા છે. જ્યારે હું પાછલી વાત સંભારૂં છું ત્યારે મારા ભીતરમાં જાણે ભડકાં બળતાં હોય તેમ થાય છે. એવા જીવનપર ધિક્કાર છે. (આંસુ ટપકે છે.)

સંવરણ–(સચેત થઇ) આહા! આ પ્રિયા તપ્તા છે કે જેનાં નેત્રોથી મુકતાની ઝડી લાગી રહી છે. અરે! મારે કારણે પ્રિયાને આટલું દુઃખ થયું. (પોતાને હાથે તપ્તાનાં આંસુ લૂછે છે.)

તપ્તા–હે મહાભાગ! મારો એ અપચાર ભૂલી જાઓ. મારાથી એ અપરાધ અજાણમાં થયો છે.

સંવરણ—હે પ્રિયા, શોચ મ કરો; બનાવ કાળ એમજ હતો; પરંતુ મોટા હર્ષની વાત છે કે તમે મને ઓળખી લીધો, અને તમારી પ્રીતિ યથાવસ્થિત બની રહીછે.

તપ્તા—આહા! સજ્જન હોય ત્યાં એમજ હોય. હે આર્યપુત્ર! સો જન્મસુધી હું તમારી સેવા કરૂં તોપણ ઋણમુકત ન થઇ શકું.

સંવરણ—(ઉઠીને) પ્રિયા હવે તો કોઈ એવો ઉપાય કરો, કે જેથી કદી ક્ષણભરનો પણ વિયોગ ન થાય.

તપ્તા—હું તો મારૂં તન, મન, ધન, તમારી ઉપર ઓવારી ચુકી; પણ એ વાત તો પિતા (સૂર્ય ભગવાન)ની આજ્ઞાથી પ્રાપ્ત થશે.

સંવરણ—ઠીક; તો હું હવે તેને પ્રસન્ન કરવાનો કાંઇ ઉપાય કરીશ.

(સંવરણ એક તરફથી અને તપ્તા, ચંદ્રકળા બીજી ગમથી નેપથ્યમાં જાયછે

અંક ૫ મો.

સ્થળ કુંજ.

[સંવરણ આવે છે.)

સંવરણ—હે ગુરુ, હે વસિષ્ઠ! દયા કરો. હું તમારે શરણ છું. હે કૃપાળુ, અમારી ઉપર જ્યારે જ્યારે વિપત્તિ પડે છે ત્યારે ત્યારે આપ સહાય કરો છો, હે બ્રહ્મપુત્ર! તમારા વિના ક્ષણભર પણ અમારૂં કામ ચાલી શકતું નથી. કર્ણધારવિના નૌકાની જે અવસ્થા થાય તેવી તમવિના અમારી થાય. હે મહાત્મા! તમે તમારા તપોબળથી કામક્રોધાદિ દુર્જય શત્રુઓનો પરાજય કીધો છે અને વિશ્વામિત્રને બ્રહ્મતેજ દેખાડયું છે. ક્ષમાનિધિ! તમે વિશ્વામિત્રનો ઘોર અપરાધ ક્ષમા કીધો છે. હે દ્વિજકુલભૂષણ! પ્રસન્ન થાઓ, હું તમારે શરણું છું. (વસિષ્ઠમુનિ આવે છે.)

સંવરણ—(દંડવત્ કરીને) મહારાજ! આપે મોટી કૃપા કરી કે આ સમયે મારી સુધ લીધી.

વસિષ્ઠ—તમારૂં કલ્યાણ થાઓ. હું તમારા અભીષ્ટને કારણ સૂર્યભગવાનની સ્તુતિ કરૂંછું. (સૂર્યનું ધ્યાન કરીને) હે પ્રભાકર! હે દેવેશ! તમારેઅર્થે કોટિ કોટિ નમસ્કાર છે. હે આદિત્ય! તમે પ્રતિમાસ નવિન રૂપથી પ્ર-

કાશ કરો છો, આપનો ઉદય થવાથી સંસારનો અંધકાર મટે છે. આપનું ધ્યાન કરવાથી જ્ઞાનનો પ્રકાશ થાય છે. આપ કાળનો નિયમ કરવાવાળા છો અને જ્યોતિષાદિ શાસ્ત્રના આચાર્ય છો. હે શરણ્ય! વાલખિલ્યાદિ ઋષિ આપની સદા સ્તુતિ કરે છે, પરંતુ પાર પામતા નથી. હે દિવાકર! તમે આઠ માસ પૃથ્વીનું જળ શોષણ કરીને ચાર મહિના જગતનાં પાલનનેઅર્થે વરસાદ વરસાવો છો. હે સૂર્ય, તમે કમલવનને વિકસિત કરી ભ્રમરોને બંધમુક્ત કરો છો. હે રવિ! તમારા લોકમાં ગયાવિના કોઇ પરંપદને પામતું નથી. તમારા વંશમાં સાક્ષાત્સર્વેશ્વરે રામાવતાર ધારણ કીધો છે. પ્રભુ! હું તમારી સ્તુતિ કરવાને અસમર્થ છું. હે દયાકર! પ્રસન્ન થાઓ. હું તમારે શરણ છું.

(સૂર્ય ભગવાન આવે છે. વસિષ્ઠ ને સંવરણ દંડવત્ કરે છે.)

વસિષ્ઠ–હે દેવેશ! તમે નેત્રોને પ્રકાશ દેવાવાળા અને સર્વ રોગના હરવાવાળા છો. મારા કોટિ પ્રણામ આપને અંગીકાર હો.

સૂર્ય–હે બ્રહ્મર્ષિ! હું તમારી ઉપર પ્રસન્ન છું. તમારી ઇચ્છામાં આવે તે વરદાન માગો.

વસિષ્ઠ–(હાથ જોડીને) જો તમે પ્રસન્ન હો તો મને વાંછિત વર દો.

સૂર્ય–ઠીક; મેં તમને યથેષ્ટ વર દીધો (નેપથ્ય ભણી જોઇને) બેટી, અહીં આવ. (તપતી સખીઓ સહિત આવી સૂર્યને ચરણે નમે છે.)

સૂર્ય–(તપતીને માથે હાથ ફેરવી) પુત્રી! પ્રસન્ન રહે. તમારી ઇચ્છા પૂર્ણ થઈ. હવે જન્મપર્યંત પ્રીતિપૂર્વક પોતાના પતિની સેવા કર્વી એજ સ્ત્રીઓનો પરમ ધર્મ છે.. (વસિષ્ઠ મુનિને) સંસારમાં પુત્રી કે પુત્ર બે પદાર્થ છે; પણ પુત્ર આપણા ઘરમાં રહે છે ને પુત્રી બીજાના ઘરમાં. માત પિતાને પોતાની પુત્રીને યોગ્ય વયે યોગ્ય પતિસાથે

પરણાવવાનો અધિકાર છે; પરંતુ જે લોકો પોતાની પુત્રીનું દુઃખ સુખ જોતા નથી તેઓ તેમને જન્મભરના દુઃખના ખાડામાં હડસેલી મૂકે છે. અમારા વંશવાળાઓએ કન્યાની પ્રસન્નતાનેઅર્થે સ્વયંવરની રીતિ રાખી છે; પરંતુ ગંધર્વવિવાહ તેથી પણ ઉત્તમ છે. આજ મારી છાતી ઉપરથી એક મોટો બોજો ઉતરી ગયો. કોઇએ કહ્યું છે—

દોહરો.

દેવું ભલું ન દામનું, કન્યા ભલી ન એક;
ચાલવું ભલું ન કોસનું, જો હરિ રાખે ટેક. ૧

(સજળ નેત્રે સંવરણને) લો સુહૃદ (પ્યારા) લો; આ અમારું ધનપ્રાણ તમને અર્પણ છે.

સંવરણ-(દંડવત્ કરીને) મહારાજ, આપની કૃપાથી મારી કામના પૂર્ણ થઇ.

સૂર્ય-વળી ઈચ્છા હોય તો વરદાન માગો.

સંવરણ-પરમેશ્વરનાં ચરણકમળમાં સદા ભક્તિ રહે.

સૂર્ય-एवमस्तु.

(સૂર્ય ને વસિષ્ઠ એક બાજુથી, સંવરણ ને તપ્તા સખીઓસહિત બીજી બાજુએથી નેપથ્યમાં જાય છે. પડદો પડે છે. નેપથ્યમાં વાજાં વાજેછે અને રંગભૂમિમાં આનંદ છવાઈ રહેછે.)

સમાપ્ત.

વિદ્યાકળાનિધિ.

(પ્રથમચંદ્ર ષોડશકળા.)

કળા	પુસ્તકનું નામ.	કિંમત.
૧	ચારુચર્યા. (બહાર પડયું છે.)............	૦—૪—૦
૨	તમાસંવરણ નાટક (બહાર પડયું છે.) ...	૦—૨—૦
૩	રાજભક્તિવિડમ્બન(ભાણ)(બહાર પડયું છે)	૦—૨—૦
૪	કળાવિલાસ. (છપાય છે.)...............	૦—૬—૦
૫	ઉપદેશ શતક..........................	૦—૪—૦
૬	કૃષ્ણ ચંદ્રાવળી (નાટિકા.)	૦—૪—૦
૭	વિદુરનીતિ. (સંસ્કૃત સહિત.)............	૦—૪—૦
૮	દશરથ પ્રાણત્યાગ. (વાર્તા.)............	૦—૪—૦
૯	કામંદકીય નીતિસાર.....................	૦—૮—૦
૧૦	ગીત ગોવિંદ (રાગદારીની સમજણ સહિત)	૦—/—૦
૧૧	ધનુર્વેદ (મૂળને ભાષાંતર સહિત.)......	
૧૨	શુદ્ધામૃત. (વેદાંતના નાના ગ્રંથો.).......	૦—૪—૦
૧૩	રસિકરંજન..............................	
૧૪	પુરંજનાખ્યાન (રૂપક.)	૦—૪—૦
૧૫	રત્નમાળા..............................	૦—૪—૦
૧૬	ચંડી. (વીરરસ પ્રધાન ગદ્ય કાવ્ય.).....	૦—૪—૦

☞ આ ષોડશકળા ઉત્તરોત્તર પ્રકાશશે.